ાગર શેઠ ચીમનભાઈ લાલભાઈના આશ્રયથી છપાવેલો.

સહેલાણી શેઠીઆઓ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મદ્યનિષેધક મંડળીના જોઈંટ સેક્રેટરી. અમદાવાદ.

પ્રત. ૩૦૦૦

આવૃત્તિ ૧ લી. કુલ પ્રત ૪૦૦૦

અમદાવાદમાં

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૦ સને ૧૯૦૩

સહેલાણી શેઠીઓ

અથવા

—દેવીપ્રસાદની દારૂથી થતી દુર્દશા—

એક દિવસ ઊનાળાના પાછલા પહોરને વખતે બે ગૃહસ્થો એક બંગલાના ચોતરા ઉપર બીછાવેલી ગાદી ઉપર બેઠા બેઠા કંઈક છૂપી મસલત કરતા દેખાતા હતા.

એ બે ગૃહસ્થોમાંનો એક ઉમ્મરે પહોંચેલો હતો. એનો પહેરવેશ અને મુખ્યત્વે કરીને પાઘડી તથા કપાળમાં તાણેલું વૈશ્નવ ટીલું જોતાં તે વાણીઓ હોય એમ લાગતું હતું. બીજો આશરે ૩૫–૪૦ વર્ષનો. વસ્થાએ પહોંચેલો, તેના તેજોમય મુખારવિંદ તથા મલમલના પહેરણમાંથી દેખાતી જનોઇને લીધે ઊંચી જાતનો બ્રાહ્મણ હોય એમ અનુમાન થતું હતું. એક મલમલનું પંચીયું અને તેજ જાતનું પહેરણ પહેરી તે જે રીતે તકીઆ પર અઢેલીને બેઠેલો હતો તે જોતાં તેજ આ બંગલાનો માલીક હશે એમ સહજ લાગતું. એ ગૃહસ્થના બાપને એક પછી એક એમ ચાર પૈરી થઇ પણ એકે છોકરૂં જીવ્યું નહીં ત્યારે ડોસાએ મહાલક્ષ્મી માતાની બહુ બહુ બાધા રાખી; છેલ્લે માતાના મંદીરમાં રહેના એક બાવાએ એને પુત્ર પ્રાપ્તિની આશા આપી અને ત્યાર પછી આ ભાઇનો જન્મ થયો. આ રીતે આ પુરૂષનું નામ દેવીપ્રસાદ પડ્યું.

પોતાના મિત્ર તરફ જોઇને "મફતલાલ હું ધારૂં છું કે એટલું બસ છે."

"સાહેબ, આપતો મોટા આદમી છો. પણ મારાથી આ બંગલા ઉપર એટલા રૂપીઆ ધીરાય તેમ નથી."

"મફતલાલ આ બંગલાની કીમત તમને ખબર નથી. જુઓ આ દરીઆ ઉપર આવો ફરનીચર વાલો બંગલો બીજો એકકે નથી. એ બંગલો

ચુના ગચ્છીનો બાંધેલો છે. જુઓ આ એોગરદમ ફરતો બાગ કેટલો વિશાળ છે. એમાં ૫૦૦ લીંબોડી, ૨૦૦ કલમી આંબા, ૩૦૦ તાડ તથા બીજાં ફૂલનાં ઝાડ છે. મુંબઈમાં દરીઆ પર આટલા મોટા બાગ સાથે આવો સારો બાંધેલો બંગલો તમને આથી બમણે રૂપીએ પણ કોઈ વ્યાજે લખી આપવાનું નથી. મારો તમારો ઘરોબો છે, અને હાલમાં તમારા રૂ ૫૦૦૦ આપવાને મારી પાસે સવડ નથી માટેજ ખાસ કરીને તમને આ લખી આપુ છું."

ખરી વાત જાણવા છતાં, બંગલો પડાવી લેવાનીજ દાનતથી વાણીઓ વાણીઆ ગત કરી પોતે કંઇજ સમજતો નથી એમ ડોળ ઘાલી, "ઈંટ માટી પર મુળાના પીતા જેવા ૫૦૦૦ પહોળીમાં આપવા એ કંઈ બરોબર નહીં. અમારે તમારા ટેબલ કોચ, તકતા ફ્કતા અને હાંડી ઝુમ્મરને શું કરવા છે ? એ બધુ ખાતું ધન. ઝાડોને પાણી પાવું, બંગલાને રીપેર કરાવવો તથા સંભાળના પગી રાખવો, ફરનીચર લોક્ ધોઈ સાફ સૂફ ચળકતો રાખવા માણસો રોકવાં એ બધા વ્યાજ ને મુદ્દલ ડુબાવવાના ધંધા. જુઓ દેવીભાઈ, તમારૂં મન માનતું હોય તો બંગલો વેચાણ કરો. નહીંતો અમારા રૂપીઆની તેવડ થાય એટલે ગંગા ન્હાયા."

ઘર બહાર વાડી વજીફા તથા ઘરેણું ગાંઠું સઘળું વેચી પરવાર્યા પછી, હવે રૂપીઆ ક્યાંથી લાવવા તેની ગૂંચવણમાં પડેલો, તથા કોઇ બહારનું વાત જાણશે તો આબરૂ જશે એમ ડરી વેચાણ કરતાં ઘર ઘરાઉ ગીરો કરવાનું વધારે પસંદ કરનાર દેવીપ્રસાદ, મફતલાલનો હાથ પોતાના હાથમાં લઇ " મફતભાઇ જુઓ તમારૂં મન ખાટું થાય છે તો કોર્ટમાંની બાકી રહેલી છેલ્લી દૂકાન આ બંગલા સાથે લખી આપીશ; ચાલો, હવે બસ, વેચાણની વાત જવા દો."

"ના ના, ભાઈ, એતો આપણી માયા અને શરમને લીધે હું તમને રૂપીઆ આપુ. તમારી આબરૂ જળવાય, તમારા ઘરનાં કંકાસ કરી તમને

હેરાન કરે નહીં અને તમારૂં દેવું પતતું હોય તો વળી આપણી ઓળખાણ ખાતે હું આ બંગલો ગળે ઓઢું. જો મન માનતું હોય અને બધું હું કહું તે પ્રમાણે કરવા હા હોય તો પેલો તમારો જીવ લેણ રણછોડ આવે તે પહેલાં બધું પતાવો. યાદ રાખજો કે એના આવ્યા પછી આમાનું એક તલભાર પણ બનવાનું નથી. એણે ઘરમાં પગ મુક્યો કે હું અહીં પળવાર પણ ઊભો રહેવાનો નથી. પછી તમે જાણો અને તમારૂં કામ જાણે."

દારૂ પીવાની પોતાની ટેવ છોડાવવાને માટે રાત દિવસ કંકાસ કરતી પોતાની બૈરીની કચકચથી કંટાળેલો, તથા પોતાના નિશાળના વખતના એકના એક જુના મિત્રના નામથી ધ્રુજતો, જુઠી આબરૂ વહાલી કરનાર દેવીપ્રસાદ, ધીમે સાદે, "મફતભાઇ આજતો તમે એણ લેવાની વાત કરી; પણ સાંભળો, શરૂઆતમાં સોરાબજી શેઠ આ બંગલાના રૂ ૧૫૦૦૦ આપવાના કહેતા હતા. તે વખતે અહીં મોટો રસ્તો નહોતો. હવે અહી ચોગરદમ બંગલા થઈ ગયા છે તથા જોઇતી વસ્તુ પણ મળે છે, એટલે આ લત્તાનો ભાવ વધ્યો છે. આ બધો વિચાર કરીને તમેજ વેચાણનો આંકડો પાડો." આટલું બોલતાં બોલતાં આંખોમાં પાણી આવી જવાથી ખચકાતો, તે લોહી નાંખી મનમાં—

ત્રોટક.

પ્રભુ આ દુઃખ ના હું સહી શકતો
ધન લેઇ ભલે હું ગરીબ થતો;
મદિરા ! મદિરા વીણ બીજું બધું
મુજ દુઃખ અસહ્ય કરે વધતું ! ક્રૂ. ઉ.

એમ હોઠ ફફડાવતો, "સામા પેલા કબાટમાંથી દવાનો પ્યાલો આણુ" કહી ઊંડા વિચારમાં પડ્યો.

એક દારૂની નવીજ બાટલી અને પ્યાલો લાવી પાસે મુકી ચાકર ચાલતો થયો, એટલે તે ઉઘાડી પ્યાલામાં માફક સર કાઢી, પીતાં પીતાં "કેમ મફતભાઈ શો વિચાર કરો છો."

" દેવીભાઇ શું કહું ? તમને પૈસાનો લોભ લાગ્યો છે. જાણે વાણીઓ ફરી ફરી હાથમાં આવવાનો નથી એમ જાણી મને નીચોવાય એટલો નીચોવો છો. પણ હાલમાં નાણાની ભીડ છે. બજાર તેજ છે. મારે બંગલો કે રંગલો શું કરવો છે? તમારીજ ખાતર હું વળી વેચાણ રાખું, ત્યારે તમે તો શું આપશો એમ ભાવ ઠરાવવા બેસો છો. મને તો, ભાઇ સાહેબ, મારા માંગતા રૂ ૫૦૦૦ આપો, એટલે બધુએ પત્યું. "

" ના, ના, મફતલાલ, હું તમારા પર એશાન મુકતો નથી. ખરી વાત કહી છે. ખુલ્લે બજારે વેચું તો હાલમાં પણ રૂ ૨૦૦૦ થી ઓછા ઉપજે નહીં "

" વેચો ત્યારે શેઠ, ના કોણે કહી છે. વેચશો તો સારૂ થશે, અમારાએ રૂપીઆ પતશે અને આ બધી ભાંજગડ જશે. "

બીજો ગ્લાસ ખાલી કરી કાલે સવારે પેલો રણછોડ આવશે તો જરૂર જીવ ખાશે અને ખુલ્લું વેચાણ કરવાનું માથું ફોડાવી મારી આબરૂ ધુળધાણી કરશે. પેલી કંકાસણી જાણશે તો એની જીભતો મ્હોમાંજ નહીં પેસે. અને એ બે ભેગા થયાં તો પછી મારો ઉપાયજ નહીં ચાલે. ઘર દાગીના અને મારી આખી મીલ્કત પતી રહી છે એટલે કાલે કોઈ બે પૈસામાં માંગતો આવે તો તેનું મોઢું દાબવાને મારી પાસે બે દમડીએ નથી, કે આજની વાત કાલે કરૂં તો ચાલે. વળી તેમાં આ મફતલાલ ઝુડ જેવો બાઝયો છે. એ રૂપીઆનો નીકાલ થયા લગણ છોડવાનો નથી. એમાં વળી, પેલી રાંડને એની છોકરી પરણાવવાની ઉતાવળ આવી છે, એટલે હવે બંગલો વેચ્યા વગર છુટકોજ નથી.

બીજો એક પ્યાલો ભરી, મોઢે માંડી, "મફતલાલ મારૂં કહ્યુ માનો તો બોલું. જાઓ રૂ ૧૫૦૦૦ આપજો. હવે બોલો તો મારા સમ."

મનમાં મગન થતો મફતલાલ, ખેંચાય ત્યાં લગણ ખેંચવાનો નિશ્ચય કરી, "ના દેવીભાઈ, એમાં સોગન ખાવાની કંઇ જરૂર નથી. એ તો બ-

ધી નાણાની વાત છે. મારે આપનો બંગલો જોઇતો નથી. હાલમાં બહાર ટકો વ્યાજ ઉપજે છે, તે વખતે મ્હેં તમને માયા ખાતા ૧૨ આને વ્યાજે રૂપીઆ ધીર્યા છે. આપને તો ગુણ નથી. મારા રૂપીઆની તેવડ કરો એટલે હું ને તમે બન્ને છુટયાં."

"મફતભાઇ, જાઓ તમારી ખાતર રૂ. ૨૦૦૦ ઓછા લઇશ, અને આ બંગલાની ભાડાચીઠ્ઠી કરી હુંજ તે રાખીશ, કે રણછોડ ફણછોડની પંચાત નહીં. જાશે ત્યારે વાતને."

"દેવીપ્રસાદ પોસાણ કરતાં વધારે રકમ લોછો. પણ નાણા આપવાની તમારી સત્તા નથી તેટલાજ માટે તમારી શરમથી હા કહુ છુ. પણ સાંભળો દસ્તાવેજ અત્યારેજ થવો જોઇશે. કાલે વળી રણછોડ આવે અને એ માથા ફોડ કરે. વળી તે પહેલાં તમારા ઘરમાંથી આવી એ જીવ લે. એ બધુ યાદ રાખી મારૂં કહ્યું માનોતો હમણાંજ ઉઠો. બારણે મારી વિકટોરીયા ઉભી છે, તેમાં જઈ દસ્તાવેજ તથા ભાડાચીઠી વગેરે કરી, આપણે પાછા આવીશું, એટલે પછી તમારા જીવને કંકાસ નહીં."

બધી તજવીજ થઈ રહ્યા પછી, દેવીપ્રસાદને ઘેર મુકી, મફતલાલ અમદાવાદ જતી મેઇલમાં વડોદરે જવાનું નામ દઇ ઉપડી ગયો.

બીજે દીવસે સવારના પહોરમાં આશરે ૮ વાગ્યાને શુમારે, બંગલાના ઓટલાપર આરામ ખુરશીમાં સુતેલા શેઠ સાંભળે તેમ, રામો, ધીમે સાદે, "સાબ, રણછોડ ભાઇ શેઠ આયે". દારૂથી લાલ ઘુમ આંખો તથા ફીકા ચહેરા વાળો દેવી, પગથીઆ લગણ આવી "આવો રણછોડ ભાઈ આવો, તમારીજ વાટ જોતો હતો." મિત્રના મ્હોમાંથી આ વતી દારૂની છાકથી જરાક પાછો હઠી, તેની દુઃખી અવસ્થાનો બરાબર આભાસ લાવી, તેને સુધે રસ્તે લાવવામાંજ સૌની શોભા રહેવાની છે એમ સમજી, જરા આગળ વધી, દેવી પ્રસાદનો લાંબો કરેલો હાથ હાથમાં લઇ, એક આરામ ખુરશી પર પોતે બેસી, પાસેની ખુરશીમાં પોતાના મિત્ર દેવીને બેસાડી,

" દેવી ભાઇ હજી તમે સમજ્યા નહીં. કાલેજની કેળવણીએ તમને સુધારવાને બદલે બગાડયાં. ઘર બાર અને વાડી વજીફા ગીરા મુકવાની એક ખત્તા, તે સઘળાં વેચી ઘરેણાં અને રોકડનો પણ ધાટ ઘડી આબરૂ ગુમાવવાની બીજી ખત્તા, અને જાફર જેવા તમારા લૂણ હરામી દોસ્તો તમારી પત્નિની આબરૂ લુટવા હામ ધરે એ ત્રીજી ખત્તાએ પણ તમે દુનીઆ ઓળખી નહીં; કે છેલ્લે, આ બંગલાના ફના ફાતીઆં કરવા ઉભા થયા છો. આ બંગલો વેચવાનું ભૂત ભરાવનાર પેલો મફત છે કે ગયો?

પોતાની ભૂલોનું ભાન થતાં શરમઇ મોઢું નીચુ ઘાલી દઇ, મનમાં કચવાતો, "મફતલાલ તો કાલનોજ ગયો છે."

"પણ એ લુચ્ચો કરી શું ગયો તે તો કહો? આ બંગલા વેચવાનોજ ઠર્યો છે? જો એમ હોયતો કાલેજ ગાડીમાં ત્રિજભૂખણ શેઠની જોડે મારે વાતચિત થઈ છે. એ તમને આ દરીઆ તરફનો અડધો ભાગ અને બંગલો લઇ રૂ. ૨૦૦૦૦ રોકડા આપશે."

આ સાંભળી પોતે કાલેજ પાણીને મૂલે બગલો રૂ ૧૩૦૦૦ માં મફતલાલને આપી દીધો એ યાદ લાવી, પોતાંની ભૂલને માટે પસ્તાતો તથા પોતાના એકના એક ખરા મિત્રથી પોતાની કટેવોને લીધે સઘળી વાતો તેનાથી છુપી રાખવાને માટે પોતાની જાતને ઠપકો દેતો, પોતાના મનના ભાવ રણછોડદાસ કળી ન જાય એ ખાતર આંખ ચંચોળતો, દેવીપ્રસાદ બોલ્યો " પણ રણછોડભાઇ હવે એ વાત કયાં છે? ગઈ ગૂજરી ખોલીને કરવું છે શું? મુઓ એ મફતલાલ અને મુઇ એ વાત."

" હે! ત્યારે શું વેચાણ થઇ ગયું? તમે કેટલે રૂપીએ બંગલો આપ્યો? કોણે લીધો?"

આવામાં દેવી પ્રસાદની ધણીઆણી શાન્તા ત્યાં થઇને જતી હતી તે તરફ જોઈ, " ભાભી, ભાભી, આ શું કર્યું? આ શો ગજબ! બંગલો કેટલા માટે વચ્યો તે તો કોઈ કહો?"

આંખમાં આંસું આણુતી, "તમારા ભાઈ બંધ ને પૂછો. એ અને મફતલાલ, ગઈ કાલે બપોરના બંગલાની ગડભાંજ કરતા હતા. આપણું કંઇ વળે નહીં એટલે કંકાસ કરવામાં શો ફાયદો. રામા પાસે દવા મંગાવી શેઠે જોઇએ તેટલી પીધી પછી બધું પત્યું." ડુસકાં ખાતી ખાતી તથા આંસું લ્હોતી લ્હોતી, રણછોડભાઈ વાતજ કરવાની નથી. આ દીકરીના માંગાં ઉપર માંગાં આવે છે, એ પંદર વરસની થઇ, પણ એમને સુઝ પડતીજ નથી, અને મારો જીવ રાત અને દિવસ એને જોઇ ચંચણે છે. એના બાપને તો લેવા કે દેવા. પ્રભુ જે કરે તે ખરૂં. ભાડાના ઘરમાં પણ રહેવા વારો આવ્યો." એમ બોલતી બોલતી. "શિવ ! શિવ ! શિવ !" કરતી, બેભાન થઇ વચમાં વચમાં ભાન આવે ત્યારે ડુસકાંખાતી ખાતી પડી અને નીચે પ્રમાણે વિલાપ કરવા લાગી.

સીતાજીના મહિનાનો રાગ.

વ્હાલા ભાઈ ! હું શું રડું મારૂં, દુઃખ કોની કને !
ઘરબાર ગયાં હરિ હાય ! અભાગીણી થઈ હવે.
મૂજ નાથ આવા થયા જ્યાં તહીં હું શું બોલી શકું,
આભ ફાટયું ત્યાં શું થીગડું, હવે તો દુઃખે મરૂં.
પ્યારા પ્રાણુ ? આ દારૂથી દુઃખના ઝાડ ઉગ્યાં બહુ.
તેની માઠી કુટેવ થકી પડે આપદા સહુ.
વ્હાલા નાથ ? શું ના તજશો આ કુટેવને ?
હજી દુઃખ વિશેષ તમે, દિયો શું અનાથને ?

કૃ. હ.

દેવીપ્રસાદ તો આ વાતની શરૂઆતથીજ જીવને અસુખ લાગવાથી ઉઠી પાસેના ઓરડામાં પાથરેલા પલંગ પર પોઢયો હતો. અને જરૂર પ્રમાણે પાસે પડેલી દારૂની બાટલીમાંથી વખતો વખત મન ઠેકાણે લાવવાને માટે પ્યાલો ભરી ભરી પીતો હતો.

આ બાજુ પ્યાલામાં પાણી મંગાવી, શાન્તાને શુદ્ધીમાં આણી, રણછોડદાસ સઘળી વાતની માહીતી મેળવતો હતો, ત્યારે પાસેના ઓરડામાં ઓરજ રંગ મચ્યો હતો.

દેવી પ્રસાદનો એકનો એક દિકરો આશરે વીશેક વર્ષની ઉમ્મરનો હતો. એનું નામ ભવાની પ્રસાદ હતું. એ પણ દેખાદેખી પોતાના બાપની ચોડી ઘણી ટેવો શીખ્યો હતો. જે વખતે રણછોડદાસ શાન્તાની જોડે આ બંગળાની વાતચીત કરી જીવ બાળી રહ્યા હતા તે વખતે ભવાની પ્રસાદ બંગલાના દરીઆ તરફ આવેલા એક ઓરડામાં ખુરશીપર બેઠો બેઠો એક પુસ્તક વાંચતો હતો. વાંચતાં વાંચતાં થાકી ભવાનીએ પુસ્તકમાંથી મ્હોડું બહાર કાઢી આમ તેમ જોવા માંડયું એટલે એની નજર એજ ઓરડાના એક ખૂણામાં ટેબલ ઉપર પડેલી, બાપે પીતાં ગઈ કાલે બાકી રાખેલી વ્હીસ્કીની બાટલી પર પડી. એ જોતાંજ એનું મન ચળવળ્યું અને તે પીવા મન તલપ્યું. કેટલીક વાર મન સાથે આનાકાની કરતો, છેલ્લે,

પદ્ય.

અહા, શું દારૂ, દારૂ ?
લ્હેજત કેવી દેતો વારૂ ?
આજે હું ચાખું તો કેવું સારૂં ?
અહા ! શું ? દારૂ દારૂ— ફૃ. હ.

એમ સ્પષ્ટ રીતે સંભળાય એમ મન સાથે બબડતો ભવાની ટેબલની છેક પાસે આવ્યો, અને એક પ્યાલો ભરી પી ગયો. જે વખતે ભવાની પ્રસાદ મદ્યનો પ્યાલો મ્હોએ માંડતો હતો તે વખતે, તેજ ઓરડામાં દરીઆ તરફને બારણે થઇ, એક ખૂબસુરત બદન વાળી ઓરત અંદર દાખલ થઇ. આ બાઇ દેવીપ્રસાદની રાખેલી હતી. એનું નામ રમા હતું, દેવી પ્રસાદ રમાને મહીને રૂ ૫૦ નો દરમાયો આપતો.

ભવાની હાલમાં ભર જુવાનીમાં હતો. તેનું શરીર તેના બાપના

બદનના માફક ઘણુજ ખૂબ સુરત હતું. તેનાં હાડ પહોલાં તથા ચેહરો મોહક હતો. તેના ગળામાં રહેતી શુદ્ધ મોતીની કંઠી પર રમાનું મન ઘણા દિવસથી ચોંટયું હતું. તેના હાથમાંનો પ્યાલો જોઇ, આજે ભવાનીનું મન ઓરજ રંગમાં છે એમ નક્કી માની, રમા અંદર આવી, અને ભવાનીની પાસે પડેલી એક ખુરસી પર લપઇ બેઠી. ભવાનીની અને રમાની આંખ મળી એટલે હસ્તે મ્હોએ જરા આગળ આવી, બાટલી લઇ ગ્લાસમાં ઢાલવી, પ્રસાદજી આટલો પ્રસાદ આજ અમારી ખાતર એમ બોલતી, પ્યાલો છેક ભવાનીના હાથ લગણ લેઇ ગઇ. બાપની રાખેલી હોવાને લીધે માની સ્થિતિમાં દરરોજ બંગલામાં ફરતી રમાના હાથમાંથી પ્યાલો લેતાં ભવાની જરા શરમાયો, ખમચાયો, પણ રમાનું સૌંદર્ય આજે એક ઓરજ પ્રકારનું હતું. વળી કારસ્તાનમાં એ કંઇ કાચી નહોતી, એટલે, ઘાટે ઘાટ બેસાડવા એ ખુરસીના છેક છેડા લગણ આવી, અને મ્હોના મલકારા, આંખના પલકારા, અને બરફ જેવા ધોળા કોમળ હાથના લટકા સાથે પ્યાલો એવી રીતે તેના હોઠ લગણ ધર્યો કે તેનાથી ના કહેવઇજ નહીં. ભવાની પણ ભર જુવાનીમાં હતો એટલે તે પણ સ્હેજમાં ફસાયો. જ્યારે જે દિવસે આજ ઘરમાં શેઠાણીની આબરૂ પર હાથ નાખ્યો હતો ત્યારથી નોકર ચાકર પણ જોયું ન જોયું અને સાંભળ્યું ન સાંભળ્યું કરતાં શીખ્યા હતા. આથી આ વખતે પણ આજુ બાજુ પરથી જતા આવતા ચાકર નોકરો પણ આડુ અવળું જોયા વગરજ પોતાનું કામ કરતા હતા. હવે રંગમાં આવ્યાથી ભવાની એ પણ "રામા, બાપાના કબાટમાંથી બાટલી આણ" કરી બૂમ મારી એટલે રામો બાટલી ટેબલ પર મૂકી ચાલતો થયો. હવે બન્ને જણ એક એકને "ના આપ લો; ના મારા સમ, ન ચાલે" એમ એક એકને પાતા પીતા પુષ્કળ ચકચુર થઇ એક એકની બાથમાં બાથ ભીડાવી પાસે ઝુલતી બંગોઇ ઉપર ઢળી પડયા આવામાં પાસેના ઓરડામાં "ધાઓરે કોઇ ધાઓ" એમ એક કારમી ચીસ પડી.

આ ચીસ સાંભળી શાન્તાની વાત પડતી મૂકી, રણછોડદાસ બાવરા બાવરા આ તરફ દોડી આવ્યા અને જુએ છે તો એક ૩૦-૩૫ વર્ષનો લઠ્ઠ પુષ્ટ જુવાન મુસલમાન દેવીપ્રસાદની કુમાર વયની એકની એક કન્યા કાન્તા ઉપર હુમલો કરી રહ્યો છે. કાન્તાનો ગુલાબી રંગનો મલમલનો સાલુ ખેંચા ખેંચીમાં ફાટી ખાલા વીખી થઈ ગયો છે ડાબા હાથથી તે જુવાને તેની કમ્મર પકડી છે. જમણા હાથથી તે બાઇ તે મરદના પોતાની છાતી લગણુ પહોંચેલા જમણા હાથને તર છોડી નાંખતી, ચોમેર ઘુમતી ધાઓ રે ધાઓ રે એમ ચીસો પાડી રહી છે. ચાકર નોકર ચોમેર આવ જા કરવા છતાં એ તરફ કોઇ જોતું એ નથી ને ફરકતું એ નથી. આ જોતાંજ રણછોડદાસની આંખ ફાટી લાલ ઘુમ થઇ અને એ તો જાણે કંઇ હથીઆર ખોળતો હોય તેમ આમ તેમ જોવા લાગ્યા, એટલામાં એમની નજર બાગ સાચવનાર રામોશીની ખૂણામાં પડેલી કડીઓ વાળી લાઠી ઉપર પડી એટલે એ તે લેવા ધસ્યા.

એમની પુંઠે શાંતા પણ એજ ચીસ સાંભળી દોડી આવી હતી. એ તો પોતાની દીકરીને આ પાપીના હાથમાં સપડાયલી દેખતાંજ આભી બની જઇ, ઓ રામ! ઓ શિવ! એમ બોલતાં બોલતાંજ તમ્મર ખાઇ પડી. આ દરમીઆનમાં એજ કારણથી દારૂના ઘેનમાં ચકચૂર હોવાને લીધે લહેરમાં ચાલતા દેવીપ્રસાદ પણ પેલે બારણેથી દાખલ થયા હતા. ઊનાળામાં જોરથી ફૂંકતો દરીઆનો પવન પણ આ રંગને બેસતા તાલ પ્રમાણે આ વખતે પૂર જોસથી ફૂંકતો હતો દરીઆ તરફના દ્વારથી આવતા આ પવનના જોરથી ભવાની અને રમાના થઈ પડેલા રંગ મહેલમાં કાન્તા અને જાફરવાળા ઓરડામાંથી ઉઘડતાં બારણાં ભડાક લઇ ભીત સાથે અથડાયાં, એટલે બેભાન થયેલી શાન્તા અને લાઠી લેવા ગએલા રણછોડ દાસ સિવાયના સઘળાનું ધ્યાન તે તરફ ખેંચાયું. આથી દેવીપ્રસાદની નજર પોતાની એકની એક કુંવારી દિકરીની લાજ લૂટનાર પોતાના લાજ

વગરના મિત્ર તરફ ન દોરાતાં પોતાની રાખેલી રમાની સાથે સેજે સુનાર પોતાના પૂત્ર ભવાનીપર પડી. એ જોતાંજ, તેતો ફલંગ મારી બંગલો સાચવનાર મહમદ સીદીનો ખૂણામાં ખીંટીએ લટકતો જમઇઓ લઇ તે તરફ દોડયો, અને એકજ ઘાએ, પોતાના મનમાં પોતાની એકલાનીજ માનેલી રમાને તેથી ઉલટીજ દેખાડનાર પોતાના એકના એક દિકરાને જમદ્વાર પહોંચાડી, સહેજમાં સાતે પેઢીનું સત્યાનાશ વાલી, હાશ કરી, હળવો પડયો. ચોગરદમથી ઉશ્કેરાઈ ગયેલા રણછોડદાસે રામોશીની લાઠી લઈ જાફરનો વાંસો જરા હલકો કર્યો. આ ઝપાઝપીમાંથી જાફર આ બાજુથી અને રમા પેલી બાજુથી છટકયાં, અને પોતાને માથે કોઈ પણ જાતનો આરોપ ન આવે એ ખાતર તે બન્ને સીધાજ પોલીસ ચોકી તરફ પગ કરી ગયાં.

થોડા વખતમાં બંગલામાં તો રડારોળ થઈ રહી. આ વખતે ચોકી પરથી આવેલા જમાદારની આગળ ચાલતાં રમા અને જાફર બંગલાના ઓટલા ઉપર ઊભા ઊભા, આગેથીજ આગળના સંકેત પ્રમાણે, આ પેલો ખૂન કરનાર દેવીપ્રસાદ તથા આ એનો સાગરીત રણછોડ એમ આંગળીઓ કરી દેખાડવા લાગ્યાં.

ઘણું એ કહ્યા કહાવ્યા છતાં અને આજીજી કર્યા છતાં એકલ માર્ગી પોલીસે માન્યું નહીં, અને દેવીપ્રસાદ અને રણછોડને હાથ કડી કરી ચોકી પર અને ભવાનીની લાશને ઇસ્પીતાલમાં લઈ ગયા.

કંઇક દરીઆપરની માત્ર બંગલાનીજ અને તે પણ આછી વસ્તીને લીધે, અને કંઇક દેવીપ્રસાદની કેટવો સૌને માલમ પડી ગઇ હતી તેથી, એ બંગલાની રડારોળપર કોઇએ ધ્યાન આપ્યું નહીં. વળી આવ બળા પકડ ગળા કોણ કરે એ વિચારથી પણ, જ્યારે દેવીપ્રસાદ અને રણછોડને હાથ કડી કરી વઇ ગયા અને ભવાનીની લાશ પોલીસે નોકરો પાસે ઉપડાવી ત્યારે તે તરફ કોઇ ફરકયું નહીં. આં રીતે, હવે બંગલામાં કપાળ પર હાથ મૂકી દૈવ શરણ થયેલી મા અને દીકરી એ બે અબળાઓજ,

આ દુ:ખમાંથી ઉગરવા શે ઉપાય કરવો તેના વિચારમાં ગરેક થઈ આંસું ઢાળવા લાગી. આમાં વચમાં વચમાં, આભા જેવી આમ તેમ જોતી શાન્તા ડુસ્કાને લીધે કંઈકિ સંભળાય કંઇક ન સંભળાય એમ, નીચે પ્રમાણે—

લલિત.

થઈ રહ્યું...હવે...ઓ...પ્રભુ...હરિ !
અરરર...નાથરે ! આવી આ પડી...
શિવ! શિવ પ્રભુ!...પુત્ર ને હણ્યો...
પ્રિય પિતા થઇ...શત્રુ શું હણ્યો ?...
ઉજડ થઇ...બધી...દીશ મૂજને,
દુ:ખનું ઝાડ આ...ઉગીયું હવે....
અરર!...આ કર્યું...શું પ્રભુ હરિ!...
અતિવ દુ:ખ શું...ઘો થઇ અરિ!...
નહિ સુઝે કંઈ...મૂજને...હવે....
કરૂં શું હાય હું...હાય હાય રે!...
પ્રભુ વિના નથી...કાંઇ આશરો....
અરર દારૂ તે શો...ગજબ આ કર્યો...
રડીશ ના હવે પુત્રી વ્હાલીરે
હરિ!...હરિ!...હવે...શું કરૂં હું રે....
પ્રિય ભવાની ઓ...પુત્ર વાહલા....
કંઈ જતો રહ્યો,...પ્રાણ માહરા....

કૃ. હ.

..................હૃદય ભેદક વિલાપ કરવા લાગી.

બંગલાની અંદર ભલી રડા રોળથી જ્યારે તે તરફ કોઈ ચકલું પણ ફરકતું નહોતું, ત્યારે બહાર, હાથ કડી થઈ દૂર આવેલી ચોકીપર જતા દેવીપ્રસાદ અને રણછોડદાસની આશ પાશ, રસ્તે જતા આવતા લોકોનું ટોળું વધતું જતું હતું.

આ ટોળામાં જુદા જુદા લત્તાના કોમના તથા વર્ગના લોક હતા અને તેઓ મનમાં આવે તેવું બોલતા હતા. આ સઘળો લોકમત ધ્યાન પુર્વક સાંભળવા જોગ લાગવાથી અહીં દાખલ કર્યો છે.

કેમ, શંકરસ્વામી, શી ધમાલ છે ?

રામદાસભાઈ, એ તો હાથના કર્યાં હૈયે વાગ્યાં. અહા ! આજથી ૧૫-૨૦ વર્ષ ઉપર દેવીપ્રસાદનો શો રોફ હતો. એ પરણ્યો ત્યારે વડોદરેથી ખાસ હાથી મંગાવ્યા હતા. તે વખતે ડોસાએ જે ઠાઠમાઠથી એના લગ્ન કર્યાં હતાં, તેવા ઠાઠમાઠથી, એ પછી આ મુંબઈ નગરીમાં કોઈના લગ્ન ભાગ્યેજ થયાં છે. આ મરનાર ભવાનીનો જન્મ થયો ત્યારે આસ પાસના બધા બંગલામાં સાકર વહેંચી હતી, અને સવારથી સાંજ સુધી દિકરાને ઘેર દિકરો આવવાની ખુશાલીમાં હિન્દુ મુસલમાન અને પારસીજ નહીં પણ મોટા મોટા યુરોપીઅન અમલદારો પણ ડોસાને મુબારક બાદી આપવાને આવ્યા હતા. એ પણ દેવીપ્રસાદનો વખત હતો અને આ પણ એનોજ વખત. એજ દેવી પોતાના દીકરાનું ખૂન કરે એ પણ આ ભવની ભવઇ! પ્રભુ તું કરે તે ખરૂં !

આ બાજુ આ વાત ચાલે છે એટલામાં એક હોરો આગળ આવીને, પણ ભાઇ, કહે છે, કે બાપે ડિકરાનું ખુન કરૂં, ટે સા સબબસે કરૂં ?

બીજો હોરો—જવાડો ને વાટ. અપને સી પડી છ. ખોડસે ટ પડસે.

ત્રિજો માણસ—મહમદભાઈ એમ તે હોય ? ખાલકુંડીનું પાણી, જાતે એ ગંધાય, અને જેને અડકે તે પણ અભડાય. આ જુઠો સુધારો થતે અમારા હિંદુમાં હવે ધર્મ ને કર્મ બન્ને ગયાં. અમારા બાપદાદા બેવકૂફ હતા કે સ્પર્શાસ્પર્શથી ડરતા અને હજાર ફેરી હાથ ધોતા અને નવાણું ફેરી નહાતા ? આમાં આ છાંટા પાણીએ તો ખૂબજ છાંટા ઉરાડયા. જ્યાં એ સાલ પેઠું ત્યાં તો સત્યાનાશનીજ પાટી. જુઓ, એજ લતમાં આ દેવી ખરાબ થયો; પૈસા, ઘરબાર, વાડીવજીફા, સઘળું ગુમાવી બેઠો અને આજે

આ દશાએ પહોંચ્યો. એ સઘળા પ્રતાપ રંગપાણીના.

કોરાન ભીકયા બોલતા હે. એઇ કે શરાબકી બૂરી બદી મેં કદી ફ્રુસાના નાહી.

ભાઇ બધા ધરમ એનું એ કહે છે. હિન્દુ મુસલમાન અને સાહેબ લોકનો ધરમ કોઇ દારૂ પીવો સારૂં કામ છે એમ કહેતું નથી.

દેખો સરકાર બી કયા કરતી હે ? દારૂ કી મના સમઝાને કે સબ-બસે ઓ દારૂ પે કર બઢા જાતી હે. ઓર એ સેતાન શરાબકા ગુલામ લોકુંકુ પોલીસ પકડ પકડ કે મેજીસ્ટ્રેઇટ કે ઉવાં ખડા કરતી હે.

વચમાં આવી એક જુવાનીઓ. દારૂમાં તર્યા પેલા પારસી. જેમે કંઈ ન ફાંવ્યું કે ઉઘાડ દારૂની દુકાન.

આ સાંભળી, બાજુપર ઉભેલો એક લાંબી દાઢીવાળો તથા કમ્મરમાંથી વાંકો વળી ગયેલો બુઢ્ઢો પારસી, આગળ આવી, કાંય બાબા, એવું કાંય બોલોછ. તમુને દૂરથી તેવું લાગે તો ભલે. પણ એ અખ્ખસરબી સાચું નથી. જુઓ તમારી પડોસવાળો રૂસ્તમ પીઠું રાખતો હતો. એના બેઉ દીકરા દારૂ પી પીને જલંદરથી મરી ગયા. એની ડીકરી બાપના ઘેરનો મુફતમાં મલતો દારૂ પીતાં પીતાં પોતીકા ધનીને બી પાવા લાગી અને વીપઇ ત્યારે એના દીકરાને જોઇને એનો બાપ ખુસ ખુસ થયો. પણ તે આજ દસ વરસનો થીઓ તો બી બોલતો બી નથી ને સમુઝતો બી નથી તદ્દન ગાંડો, ઘેલા જેવોજ, એને ભેજુજ નથી. એ લોકનાં બીજાં છોકરાં જીવટાંજ નથી. ડાકટર કહેછ કે એ બેઉની છાકટઇનું પરિણામ. કહો ભાઇ ડારૂમાં સું કમાયા ?

આમ વાતો ચાલી રહી છે એ દરમીઆનમાં પોલીસ ચોકી આવી પહોંચતાં દેવીપ્રસાદ અને રણછોડદાસને ચોકીમાં બેસાડે છે.

ઘેનમાં ચકચુર હોવાને લીધે, પોતાના દિકરા દિકરીના ભાન વગરનો દેવી તો થોડી વારમાંજ ચોકીમાં પણ ઘસઘસાટ ઘોરવા માંડે છે, પણ

રણછોડદાસની દશા તો આસપાસના વિચાર આવતે વસમી થઈ પડે છે.

હાય ! હું ક્યાં અને મારા બૈરાં છોકરાં ક્યાં ? અરે પ્રભુ પરોપકારનાં આ ફળ ! મારા મિત્રને બચાવવા જતાં તું આ માર મારે છે ! શું પેલો દેવીનો લુચ્ચો દોસ્ત, દેવીની બૈરીની લાજ લૂટનાર લૂણહરામી જાફરીઓ, દેવીની દિકરીની લાજ લૂટે ને હું હાથ જોડી ઉભો રહું ? નહીં, નહીં, એ કદી બને નહીં. ઇશ્વિર નાખ તારાથી નખાય તેટલી નાખ. આફત નાખવામાં પાછી પાની કરીશ નહીં. આફતથી હવે હું ડરતો નથી. દુનીઆનો રંગ મ્હેં જોઈ લીધો. હવે મારે કંઈ જોવાનું બાકી નથી. દારૂ આગળ મા, બેન બૈરી સઘળાં સરખાં એ વાત મ્હેં આંખે જોઇ. હવે કેમ ન માનું? ખાડો ખોદશે તેજ પડશે, એ વાત તો ખોટી. એતો ખાળ કુંડીનું પાણી; ઢેફાંજો નાખે તે પણ છંટાય, અને પાસે ઊભેલો પણ છંટાય. દેવીનું જોઈ એનો દિકરો પણ એ લતમાં ફસાયો, અને પોતાના બાપની રાખેલી પોતાની મા તુલ્ય રમાની સંગાથે જાર રમી બાપનેજ હાથે કપાઈ મૂઓ ! હાય ! અફસોસ ! આ બૂરી બદીમાં ફસાનાર દેવી પણ કેવો કઠણ હૈયાનો, અરે પાષાણ, તને તારી દિકરીની પણ દયા ન આવી, તારી અર્ધાંગનાની આબરૂ પર હાથ નાખનાર, પેલો મ્લેચ્છ તુરકડો જાફર, તારો મિત્ર થઈ, તારા ઘરમાં આવી, તારી દારા અને દિકરીને પણ ન મૂકે, તો એ વાંક કોનો ? પશુવત દેવી ! તારી સોબતનો દોષ મ્હને પણ લાગ્યો. અને મારે પણ આ અધમ જગ્યામાં આવવાનું પણ કારણ તુંજ. ઇશ્વિરચ્છા બળવાન છે હે પ્રભુ ! તું કરે તે ખરૂં.

આમ વિચાર તરંગે ચગડોળે ચડેલો રણછોડદાસ અડધું સંભળાય ન સંભળાય તેમ—

શાર્દૂલ વિક્રીડિત.

દેવી! આ શું થયું કુકર્મ તુજથી, વ્હાલા ! અતિ વૈરમાં ?
પ્યારા પુત્ર તણુંજ ખુન કરીયું, દારૂ તણા ઘેનમાં;

હા ! હા ! "દેવ અરે શું કર્મ મુજનાં આવ્હાં નઠારાં હશે ?
રિપૂ મિત્ર ! બન્યો અરે મૂઢ ! ગણું, કાપ્યું સ્વહસ્તેથી ત્હેં.
કાન્તા વ્હાલી તજી, રમા મહિં અતિ કામાન્ધ તું શું બન્યો ?
કાંઈ ના સમજ્યો તું મૂઢ જરીએ, વેશ્યા મહીં શું ફસ્યો ?
વૈશ્યા દારૂ બુરી ચીજો બાબુ સદા, તેં મૂર્ખ! જાણી નહીં;
અંતે આ તુજની દશા થઈ અને, તે સાથ ચૈ માહરી.
ત્હારી દુષ્ટ કુચાલથી તુજતણી ભાર્યા અતિ ધર્મિણી,
તેનુ જાફર નીચ શીલ હરવા આવ્યો હતો વેગથી.
ત્હેં જ્યારે ગણ્યું તે નહી કંઈ જરી, ત્યારે પૂરા જોસથી
ત્હારી પૂત્રી પરે ધસ્યો નીચ બની, લજ્જા ન રાખી જરી.
આ શું સ્વપ્ન જણાય? સત્ય નહિં શું? ભ્રાન્તિ થતી શી મૂને?
શું ત્હેં ખૂન કર્યું ! અરે ! પ્રભુ ! હરિ ! દેવી કર્યું આ શું ત્હેં ?
દારૂ માંહી મચી રહી હર નીશે, પૈસો ગુમાવ્યો બધો
લુચ્ચા જાફરની, વળી મફતની, જાળે ફસાઈ ગયો.
ઓચિંતી અહીં આપદા પડી હરિ, હાવે ! હવે શું કરૂં ?
ના સૂઝે કંઈ હા ! ઉપાય મૂજને, ઉગાર હે ઈશ તું.
દારૂમાં ગઈ લક્ષ્મી દેવી બનીઓ, ખૂની વળી તે જુઓ,
લેજો સજ્જન દાખલો મૂજ તણો, કુસંગના દોષનો

ફૈ.ઉ.

વગેરે પોતાના મનનો ઉભરો પોલીસ ચોકીના એક ખૂણામાં ધીરત દેવીપ્રસાદ પર દૃષ્ટિ કરી કાઢતો હતો, તે વખતે બાર ણે રસ્તા ઉપર, પોલીસ, લે કોને ક્યા દેખનેકા હૈ ઈધર ? ચલે જાઓ ભાઇ, અહી શું જોવાનુ છે ? જવ દોને સાહેબ શું જોવું છે ? એમ કરી. આદમી જો !, ધમકાવી, ફોસલાવી સમજાવી ટોળા બંધ ભેગા થયેલા અને થતા લોકોને વીખેરી નાખે છે.

સમાપ્ત

જાહેર ખબર.

—⟡—

આ પુસ્તકની જથા બંધ નકલો વહેંચવા લેનાર જ
છત્રપતિ હરિપ્રસાદ ડાહ્યાભાઇ બી. એ. જોઈંટ સેક્રેટરી,
મંડળી, અમદાવાદને સરનામે લખવું.

એજ કર્ત્તાની.

૧ **ચરિત્રમાળા** મોગલ સમય કિં. ૦–૫–૦ તથા **દેશી રમતો**
કિં. ૦–૮–૦ ઇનામ તથા લાઇબ્રેરી માટે સરકારે મંજુર કરેલી.

૨ **દારૂ અને તેની તન મન અને ધન ઉપર થતી અસર**
રૂ. ૦–૧૦–૦

ડા. નીલકંઠરાય તથા મી. હરિપ્રસાદ કૃત.

૩ **ગૃહવ્યવસ્થા** સ્ત્રીઓને તથા કન્યાશાળાઓના ઉપયોગને માં
ખાસ કિં. ૦–૬–૦

ડા. નીલકંઠરાય કૃત.

૪ **સ્ત્રી મિત્ર** રૂ. ૦–૮–૦ તથા **હિન્દની કાચી હાલત** પુસ્તક
રૂ. ૧–૦–૦